# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
## પ્રોપર્ટી ટેક્ષ વિભાગ
## જાહેર નોટિસ-૧ /૨૦૧૯-૨૦

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી જીપીએમસી એક્ટ,૧૯૪૯ના શીડયુલ એ ના પ્રકરણ-૮ ના નિયમ અનુસાર કરદાતાઓને તેમના નામ સામે દર્શાવેલ મિલકત માટેના પ્રોપર્ટી ના બીલો બજાવેલ છે. પ્રોપર્ટી ટેક્ષના બીલો મોકલવા છતાં તેમજ નોટિસ આપવા છતાં જે કરદાતાઓ તરફથી પ્રોપર્ટી ટેક્ષ ભરવામાં આવેલ નથી, તેવા કરદાતાઓને ટેક્ષ ખાતાના જે-તે ઝોનમાં સ્થિત નીચેની મિલકતોમાં કલમ ૪૨,૪૩ મુજબ ટાંચ અને જપ્તીનું વોરંટ આપવામાં આવેલ તેમજ ત્યારબાદ કલમ ૪૫(૧) મુજબની કાર્યવાહી કરેલ છે. આ અંગેની નોટીસ બજાવ્યાની મુદત વીત્યા છતાં મ્યુ.કર, મિલકત કર, શિક્ષણ ઉપકર, વ્યાજ નોટિસ ફી ની રકમ વસુલ આવેલ ન હોઇ નીચે દર્શાવેલ સ્થળ, તારીખ અને સમયે જપ્તીમાં લીધેલ મિલકતની નિયમ-૪૭ મુજબ હરાજી કરવામાં આવશે. તો રસ ધરાવનાર ઇસમોએ હરાજીના સ્થળે-સમયે ભાગ લેવા આથી જાહેર નોટિસ આપવામાં આવે છે.

| અનુ નં. | ઝોન | ટેનામેન્ટ નંબર | મિલકતનું સ્થળ | તા.૩૦-૧૧-૧૯ ના રોજ ચાલુ વર્ષ સુધી બાકી ટેક્ષની રકમ (રૂા.) | હરાજી માટે નક્કી કરેલ કિંમત(રૂા.) | હરાજીની તારીખ | સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પશ્ચિમઝોન | ૦૫૧૩-૨૫-૧૨૨૬-૦૦૦૧-એચ | ચીનુભાઇ સેન્ટર , સ્ટલીંગ સીક્યુરીટીઝ, FF, ચીનુભાઇ સેન્ટર, આશ્રમરોડ, અમદાવાદ | ૧,૦૦,૨૧,૦૯૦.૦૦ | ૧,૧૦,૮૮,૦૦૦.૦૦ | ૨૦/૧૨/૧૯ | ૧૧.૦૦ થી ૧.૦૦ |
| ૨ | પશ્ચિમઝોન | ૦૫૭૧-૪૩-૦૧૬૬-૦૦૦૧-યુ | શ્રી બલાક કટર, કબ્જેદાર-શિવશક્તિ ડેકોરેટ, ક્રિષ્ના પેવર બ્લોક,૧-ઇન્ડસ્ટ્રીઝ ઝોન, દિગ્વિજય સિમેન્ટ ફેક્ટરી સામે, ન્યુ રાણીપ | ૧૮,૧૪,૬૬૨.૦૦ | ૨,૧૪,૦૦,૦૦૦.૦૦ | ૨૧ /૧૨/૧૯ | ૧૧.૦૦ થી ૧.૦૦ |
| ૩ | ઉત્તરઝોન | ૦૨૨૭-૫૩-૧૧૪૧-૦૦૦૧-૯ | સીતારામ ફાર્મ, ભદ્રેશ્વર બસ સ્ટોપ સામે, આંબાવાડી, સરદારનગર રોડ, ભદ્રેશ્વર | ૧,૫૯,૧૪,૧૧૧.૦૦ | ૧૪,૮૭,૦૦,૦૦૦.૦૦ | ૨૩/૧૨/૧૯ | ૧૧.૦૦ થી ૧.૦૦ |

**નિરીક્ષણની તારીખ અને સમયઃ-** તા.૦૯ /૧૨/૨૦૧૯ અને તા.૧૦ /૧૨/૨૦૧૯ સવારે ૧૧.૦૦ થી સાંજના ૪.૦૦

**બીડ જમા કરાવવાની છેલ્લી તારીખઃ-** તા.૧૮/૧૨/૨૦૧૯ સાંજે ૪.૦૦ કલાક સુધી

**બીડ ઓપન કરવાનો સમય** તા.૧૮/૧૨/૨૦૧૯ સાંજે ૫.૦૦ કલાક

**હરાજીની તારીખઃ-**
અનુ નં. ૧ ની મિલકત માટેઃ તા.૨૦/૧૨/૨૦૧૯ બપોરે ૧૧.૦૦ થી ૧.૦૦ કલાક દરમ્યાન
અનુ નં. ૨ ની મિલકત માટેઃ તા.૨૧/૧૨/૨૦૧૯ બપોરે ૧૧.૦૦ થી ૧.૦૦ કલાક દરમ્યાન
અનુ નં. ૩ ની મિલકત માટેઃ તા.૨૩/૧૨/૨૦૧૯ બપોરે ૧૧.૦૦ થી ૧.૦૦ કલાક દરમ્યાન

**શરતો અને નિયમોઃ-** હરાજી ઓફર ફોર્મ, ફાઇનાન્સીયલ બીડ ફોર્મ તથા હરાજીની શરતો અને નિયમો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઇટ **www.ahmedabadcity.gov.in** ઉપર ઉપલબ્ધ છે.

મ્યુનિસિપલ કમિશ્નર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેક્શન ડિપાર્ટમેન્ટ

## મિલકત હરાજી ઓફર ફોર્મ

## હરાજી નંબર- /૨૦૧૯-૨૦

ફોટો

હરાજીમાં ભાગ લેનારનું પુરૂ નામઃ ____________________

સરનામુંઃ ____________________

____________________

મોબાઈલ નંબરઃ ____________________ Email :____________________

**હરાજીમાં ભાગ લેવાની થતી મિલકતની વિગત**

મ્યુનિસિપલ ટેનામેન્ટ નંબરઃ ____________________

સરનામુંઃ ____________________

ઝોનઃ ____________________

## એકરાર

આથી હું નીચે સહી કરનાર ____________________ એકરાર કરું છું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તા.__________ ના રોજ __________ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેલ જાહેર હરાજીની નોટિસ નં.__________ અનુસંધાને મેં તારીખ __________ ના રોજ હરાજીમાં મૂકાયેલ મિલકતનું જાત નિરીક્ષણ કરેલ છે. જાહેરાતમાં તથા વેબસાઈટમાં દર્શાવેલ તમામ શરતો વાંચેલ છે. જે મને સ્વીકાર્ય છે.

સદર મિલકત મ્યુનિસિપલ ટેનામેન્ટ નં.____________________ માટે હું હરાજીમાં ભાગ લેવા માંગુ છું. તે માટે રૂા.__________ નો ડી.ડી નં.__________ /__________ બેંક શાખા__________ તા.__________ નો આ સાથે સામેલ છે.

સહી

**સામેલ કરેલ દસ્તાવેજોઃ-**

૧. હરાજીના સ્થળ પર ભાગ લેનાર વ્યક્તિનો ફોટો ઓળખપત્ર __________(આધાર કાર્ડ / ઈલેક્શન કાર્ડ/ પાસપોર્ટ)

૨. પાનકાર્ડ

૩. સહી

**હરાજીની શરતો**

૨૧. જે મિલકતની હરાજી છે તે આજના દિવસે જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં "AS IS WHERE IS WHATEVER THERE IS AND WITHOUT RECOURSE BASIS" ધોરણે વેચાણ કરવાની છે. મિલકતવેરાના બાકીદાર આસામીનું મિલકત માટેનું જે હિત છે તે વેચાણ કરવામાં આવે છે.

૨૨. હરાજીમાં મિલકત રાખનાર આસામીએ હરાજીમાં માંગણી સ્વીકાર થયેથી ૨૫% ભાગની રકમ તુરંત સ્થળ ઉપર રોકડ/ ડીમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડરથી જમા કરાવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં રોકડ રકમ / ડીમાન્ડ ડ્રાફ્ટ/ પે ઓર્ડરની સ્થળ ઉપર વ્યવસ્થા ન થાય તો સ્થાનિક બેંકના ચેકથી રકમ ચૂકવવવાના કિસ્સામાં બીડરે પોતાના ખાતાનો ચેક અને બેલેન્સ માટે પાસબુકની છેલ્લી એન્ટ્રીની તથા પહેલા પાનની ઝેરોક્ષ તથા સરનામાની ખાતરીના આધારો માટે જરૂરી દસ્તાવેજો સાથે રાખવાના રહેશે.

૨૩. બાકીની ૭૫% ભાગની રકમ માંગણી મંજૂર થયેથી દિવસ-૭(સાત) માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભરપાઇ કરવાની રહેશે. નિયત કરવામાં આવેલ સમયમાં બોલી બોલનાર દ્વારા બાકી પુરેપુરી રકમ (EMD મજરે કર્યાબાદની રકમ) નિયત કે નક્કી કરેલ સમયગાળામાં ભરપાઇ કરવામાં ન આવે તો અગાઉ ભરેલ EMD તથા બોલી વખતે ભરેલ ૨૫% રકમ જપ્ત કરવામાં આવશે.

૨૪. ઉપરની શરત નંબર-૨,૩ નો ભંગ થયેથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંબંધિત મિલકતની ફરીથી હરાજી કરવામાં આવશે. જ્યારે કસૂરદાર વેચાણ લેનારની પ્રથમની માંગણી કરતાં ફરીથી વેચાણ કરતાં જે રકમ ઊપજે તે ઓછી હશે તો તફાવતની રકમ ફરીથી વેચાણ કરવા અંગે જે ખર્ચ થયો હોય તે સહિત આવા કસૂરદાર શખ્સ પાસેથી મ્યુનિસિપલ ટેક્ષની બાકી હોય તે મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વસૂલ કરશે.

૨૫. જ્યારે કોઇપણ સ્થાવર મિલકતનું વેચાણ કાયમ રાખવાનું મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ ફરમાવ્યુ હશે ત્યારે જેની પાસે મ્યુ.ની લેણી રકમ નીકળતી હશે તે શ્ખ્સના બદલે વેચાણ રાખનારનું નામ મ્યુનિસિપલ દફતરે દાખલ કરવામાં આવશે અને વેચાણ રાખનારને સદરહું મિલકતના વેચાણ રાખનાર તરીકેનું સર્ટીફીકેટ આપવામાં આવશે. આવી રીતે વેચાણ લેનાર શખ્શ મિલકતનો કબ્જો મેળવવા હકદાર રહેશે.

૨૬. સેલ સર્ટીફીકેટની લખાઇ તેમજ તેનો આનુષાંગિક તમામ ખર્ચ પણ સંબંધિત મિલકત લેનારના શીરે રહેશે.

૨૭. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના લીગલ એડવાઇઝરશ્રીની સલાહ મુજબ સેલ સર્ટીફીકેટ કરી આપવામાં આવશે.

૨૮. જે મિલકતમાં ભાડુઆતો છે તે મિલકત જેમની તેમ જે તે સ્થિતિમાં / ભાડુઆત સહિત જે તે સ્થિતિએ સોંપવામાં આવશે ભાડુતી જગ્યાનો કબજો તથા તે વિષયક દાવા/ દૂવો સહિતની તમામ જવાબદારી મિલકત લેનારના શીરે રહેશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

૨૯. મિલકતના માલિકના ટાઇટલ સંબંધે માંગણીદારે અલગથી, સ્વખર્ચે જાતે તપાસ કરવાની રહેશે. ટાઇટલ સંબંધે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કાંઇ પણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

૩૦. હરાજીમાં ભાગ લેવા માટે ન્યૂનતમ રકમ(EMD) રૂા.૨૫૦૦૦/- ડીમાન્ડ ડ્રાફ્ટ જમા કરાવવાનો રહેશે. આ રકમ હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયે જો તેઓ સફળ બીડર નહિં હોય તો પરત ચૂકવી આપવામાં આવશે. પરંતુ બીડરની રકમ મિલકતના સેલ સર્ટીફીકેટ આપતી વખતે હિસાબમાં ગણાશે. જે બીડરની બોલી સ્વીકાર કરવામાં આવશે અને પછીથી તેઓ સંપૂર્ણ રકમ ભરપાઇ કરી નહિ શકે તો તેવી રકમ જપ્ત થયેલી ગણાશે.

૩૧. હરાજી નક્કી કરેલ અનામત કિંમતથી શરૂ થશે. બોલી બોલનારા બોલી રૂા.૨૫૦૦૦/- (રૂપિયા પચ્ચીસ હજાર) ના ગુણાંકમાં વધારી શકશે.

૩૨. મિલકત પરનાં તમામ લેણાં, સ્ટેમ્પ ડયુટી અને રજીસ્ટ્રેશન ચાર્જ વિગેરે તમામ સફળ બોલી કર્તાને ભોગવવાના રહેશે.

૩૩. હરાજી ઓફિસમાં ફોર્મ ભરેલ પાર્ટીએ હરાજીના નક્કી કરેલ તારીખ તથા સમયે નિયત કરેલ સમયગાળાના અડધો કલાક અગાઉ પોતાની ફોટો ઓળખ તથા ઓરીજનલ પહોંચ સાથે હાજર થઇ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉપસ્થિત અધિકારીને ખરાઇ કરાવવાનું રહેશે. ત્યારબાદ બોલીની પ્રક્રિયામાં ભાગ લઇ શકશે.

૩૪. મ્યુનિસિપલ કોર્પોરેશન કર્મચારી સીધી કે આડકતરી રીતે સદર હરાજીની પ્રક્રિયામાં ભાગ લઇ શકશે નહી.

૩૫. અરજદારે ઓફર ફોર્મ સુવાચ્ય અક્ષરમાં ભરીને નિયત થયેલ રકમના ડિમાન્ડ ડ્રાફટ સહિત સીલબંધ કવરમાં જે તે ઝોનલ કચેરીના વહીવટી શાખામાં નીચે જણાવેલ સરનામે **તા.૧૮-૧૨-૨૦૧૯ના રોજ સાંજના ૪.૦૦ કલાક સુધીમાં** અચૂક પહોંચાડવાનું રહેશે.

૩૫.૧ ત્યારબાદ જે તે ઝોનલ કચેરીની વહીવટી શાખામાં **તે જ દિવસે સાંજના ૫-૦૦કલાકે આવેલ ઓફર ખોલવામાં આવશે**.

૩૫.૨ ઓફર ખોલવાના સમયે ઓફર ફોર્મ ભરનાર પાર્ટીઓ(બીડર) હાજર રહી શકશે અથવા પોતાના પ્રતિનિધિને હાજર રહેવા (ઓથોરીટી લેટર સહિત) જણાવી શકશે.

૩૫.૩ ઓફર ખોલ્યા બાદ સૌથી વધુ ભાવ (કિંમત) ભરનાર પાર્ટી(બીડર) દ્વારા ભરાયેલ ભાવ (કિંમત) ને બેઝ ગણી તે કિંમતના આધારે જાહેર હરાજીના દિવસે નિયત સમયે બોલી બોલવામાં આવશે, જેમાં ઓફર ભરનાર બીડર જ ભાગ લઇ બોલી બોલી શકશે. સૌથી વધુ બોલી બોલનાર પાર્ટી નિયત પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મિલકત મેળવવા હક્કદાર બનશે.

૩૬. ટુ બીડ સિસ્ટમના સીલબંધ કવર ઉપર જાહેર હરાજી નોટીસ  નંબરની વિગતો દર્શાવવાની રહેશે તથા ટેન્ડર ઓફિસરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદને સંબોધીને મોકલવાનું રહેશે.

૩૭. ઓફરદાર કે બોલી બોલનાર પરસ્પર મળી ગયેલ હોય કે મેળાપીપણાની સ્થિતી જેવી કે, શંકાશીલ સંજોગોમાં આવેલ ઓફર રદ કરવાનો તથા આવા પક્ષકાર/ ઓફરદારની EMD જપ્ત કરવા સહિતના પગલાં ભરી શકાશે.

૩૮. હરાજી બાબતે કોઇપણ વાદ-વિવાદ કે કોર્ટ કેસનાં સંજોગોમાં તેનું કાર્યક્ષેત્ર અમદાવાદનું રહેશે.

૩૯. ટુ બીડ સિસ્ટમમાં ઓફરદારનાં પ્રથમ કવરમાં તેની લાયકાત વિષયક માંગેલ ડોક્યુમેન્ટ સૂચવાય તે મુજબનાં મૂકવાના રહેશે. જે પ્રથમ બીડ ક્વોલીફાઇડ બીડ ખોલ્યાનાં તબક્કે જરૂરી લાયકાત, EMD જેવી આવશ્યકતા સંતોષતા ક્વોલીફાઇડ થતા સક્ષમ પક્ષકારનાં જ સેકન્ડ બીડ / ફાયનાન્સીયલ બીડ ખોલાશે. ફાયનાન્સીયલ બીડમાં ઊંચી બોલી વાળી રકમને અપસેટ પ્રાઇઝ ઠરાવી તે ઉપર ક્રમશઃ વધારાની બોલી આપવાની રહેશે આ અંતર્ગતની આવતી ઉંચી બોલી ગ્રાહય રાખવી કે નહિં, તે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની મનસૂફીને આધિન રહેશે.

૪૦. ઉપરોક્ત શરતો સિવાય કમિશ્નરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને યોગ્ય જણાય તેવી અન્ય શરતો વખતો વખત ઉમેરવાનો, રદ કરવાનો, લંબાવવાનો અથવા મુલતવી રાખવાનો હક્ક અબાધિત છે.  તેમજ શરતોના અર્થઘટનમાં વિવાદ ઉભો થાય તો તેવા કિસ્સામાં કમિશ્નરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે.

**ઝોનલ કચેરીના વહીવટી શાખાના સરનામા**

| ઝોન | સરનામુ |
|---|---|
| મધ્યઝોન | ત્રીજો માળ, વહીવટી શાખા,  બી બ્લોક,નવું બિલ્ડીગ, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧ |
| ઉત્તરઝોન | પહેલો માળ,વહીવટી શાખા, રાજીવ ગાંધી ભવન, મેમ્કો ચાર રસ્તા, સૈજપુર, અમદાવાદ-૩૮૦૦૨૫ |
| દક્ષિણઝોન | બીજો માળ, વહીવટી શાખા,ડો. શ્યામાપ્રસાદ મુખર્જી ભવન, રામબાગ, મણિનગર, અમદાવાદ |
| પૂર્વઝોન | બીજો માળ,વહીવટીશાખા, હરૂભાઈ મહેતા ભવન, વિરાટનગર ચાર રસ્તા પાસે, વિરાટનગર, નેશનલ હાઈવે નંબરઃ ૮, અમદાવાદ-૩૮૨૪૧૫ |
| પશ્ચિમઝોન | બીજો માળ, વહીવટી શાખા, ડો.રમણભાઈ પટેલ ભવન, ઉસ્માનપુરા ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૧૪ |
| ઉત્તરપશ્ચિમઝોન | ત્રીજો માળ,વહીવટી શાખા, રાજમાતા વિજયારાજે સિંધિયા ભવન,જજીસ બંગલા રોડ, બોડકદેવ,અમદાવાદ |
| દક્ષિણપશ્ચિમઝોન | ગ્રાઉન્ડ ફલોર,વહીવટી શાખા, રાજમાતા વિજયારાજે સિંધિયા ભવન, જજીસ બંગલા રોડ, બોડકદેવ, અમદાવાદ. |

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેક્શન ડિપાર્ટમેન્ટ

## મિલકત હરાજી માટેનું ફાયનાન્સીયલ બીડ ફોર્મ

## હરાજી નંબર- /૨૦૧૯-૨૦

હરાજીમાં ભાગ લેનારનું પુરૂ નામઃ ____________________

સરનામુંઃ ____________________

____________________

મોબાઈલ નંબરઃ ____________________ Email :____________________

**હરાજીમાં ભાગ લેવાની થતી મિલકતની વિગત**

મ્યુનિસિપલ ટેનામેન્ટ નંબરઃ ____________________

સરનામુંઃ ____________________

ઝોનઃ ____________________

મ્યુનિસિપલ ટેનામેન્ટ નં ____________________ વાળી મિલકત માટેની ઓફર પ્રાઈઝ અંકે રૂ.__________

(શબ્દોમાં રૂપિયા ____________________પૂરા).

સહી